જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૪/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૭૪૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૬/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૧૫	૨	૧૧૪૧૭	૧૭૫૩૫	૨	૧૭૫૩૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૭	૦	૭૭	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૮૯૯૬	૩૯૧	૩૯૩૮૭	૪૦૧૩૦	૩૭૬	૪૦૫૦૬
કુલ		૫૫૧૯૬	૩૯૩	૫૫૫૮૯	૬૪૧૯૫	૩૭૮	૬૪૫૭૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦	૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૨૯૨	૨૨,૯૨,૦૦૦/-

લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન :

ગણતરીના કલાકમા પોલીસ તરીકેની ઓળખ આપી લુંટ કરતા ત્રણ આરોપીઓને લુંટમા ગયેલ રોકડા નાણા રૂપિયા ૩૫,૦૦૦/- તથા ગુનામા વાપરેલ રીક્ષા સાથે પકડી પાડી લુંટનો ગુનો શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા મિલ્કત સબંધી વણ શોધાયેલા ગુનાઓ શોધી કાઢવા સુચના આપતા હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.વી.રાણા સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર કે.બી.સાંખલા નાઓના સીધા માર્ગ દર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ તથા સર્વેલન્સ સ્કોડના માણસો ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા પેટ્રોલીગમા ફરતા ફરતા ઇસનપુર મહાવીર સ્કુલ ચાર રસ્તા આવતા લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ તથા લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે તા ૨૫/૦૪/૨૦૨૧ ના કલાક ૧૩/૩૦ વાગે આરોપીઓ (૧) રફીક સ/અ સલીમશા બિસમીલ્લા ફકીર ઉ.વ ૩૨ રહે,બ્લોક નં ૫૪ મ.નં ૧૭૦૧ વટવા ચાર માળીયા સદભાવનાનગર પોલીસ ચોકીની પાછળ વટવા અમદાવાદ શહેર તથા (૨) વહીદ સ/ઓ બાબુભાઇ મગલભાઇ મણીયાર ઉ.વ ૩૪ રહે,મ.નં ૧૦ બાગે ઇરફાન રો-હાઉસ હમજા પાર્કની બાજુમા કેનાલ રોડ વટવા અમદાવાદ શહેર તથા (૩) સફી સ/ઓ સલીમશા બિસમીલ્લા ફકીર ઉ.વ ૨૫ રહે, વટવા ચાર માળીયા ઉમંગ ફ્લેટની સામે પહેલો માળ શબ્બીરભાઇના મકાનમા વટવા અમદાવાદ શહેરનાઓને પકડી પાડી તેઓની પાસેથી લુંટમા ગયેલ રોકડા નાણા રૂપિયા ૩૫,૦૦૦/- તથા ગુનામા વાપરેલ રીક્ષા કિંમત રૂપિયા ૬૦,૦૦૦/ની મળી કુલ રૂપિયા ૯૫,૦૦૦/- નો મુદ્દામાલ રીકવર કરી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૧૧૦૯૩/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૯૨,૧૭૦,૧૧૪ મુજબનો ગુનો ગણતરીના કલાકોમા શોધી કાઢેલ છે.

પાસા અટકાયતીની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાસા નંબર- ૨૦/૨૦૨૧


મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૦૦૧૦/૨૦૨૦ ઇપીકો કલમ ૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ જીપી એકટ ૧૩૫(૧) મુજબ તથા (૨)નરોડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૨૩૫૫/૨૦૨૦ ઇપીકો કલમ ૩૨૪,૩૨૩,૨૯૪(ખ) તથા જીપી એકટ ૧૩૫(૧) મુજબ તથા (૩)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૦૨૯૮/૨૦૨૧ ધી ઇપીકો કલમ ૧૪૩,૧૪૪,૧૪૭,૧૪૮,૧૪૯, ૧૫૦, ૩૨૪, ૪૫૨, ૪૨૭,૨૯૪(ખ),૧૨૦(બી) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ (૪)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૦૩૦૨/૨૦૨૧ ધી ઇપીકો કલમ ૧૪૩,૧૪૪, ૧૪૭,૧૪૮,૧૪૯,૧૫૦,૪૨૭,૨૯૪(ખ),૫૦૬(૨),૧૨૦(બી) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના શરીર સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૩૨૫/૨૦૨૧ તા.૨૬/૦૪/૨૦૨૧ ના હુકમ આધારે તા.૨૬/૦૪/૨૦૨૧ ના કલાકઃ૨૦/૩૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

આરોપીનું નામ:- શ્રી હિમાન્શુ ઉર્ફે હેમરાજસિંહ ઉર્ફે મોન્ટુ સ/ઓ રાજેન્દ્રભાઇ કાંતીલાલ જાતે તિરકર ઉ.વ.૨૫ રહે.મ.નં.૨/૨૨,શીવ એપાર્ટમેન્ટ નોબલ સ્કુલ પાસે પરિશ્રમનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ ડભોડા તા.જી.ગાંધીનગર

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહિલ તથા એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦

આરોપીનો ફોટો



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૪૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી, ૧૧ લીટર દેશી દારૂ, ૦૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૦ બીયરટીન, ૦૧ સ્કુટર અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૧૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૪૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છત તુટી પડતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૭૫૦/૨૦૨૧**

નારોલ : મનિષ સ/ઓ ખાતુ સરપોટ (ઉ.વ.૨૦) (રહે.સરણીયા વાસ, નારોલ) તા.૨૬/૦૪/૨૦૨૧ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે નારોલ જલારામ એસ્ટેટમાં આવેલ ગોડાઉનમાં છત તોડતી વખતે બ્રેકર મશીન સાથે છત પરથી નિચે પડતા છતનો ભાગ મનિષ ઉપર પડતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શંકરભાઇ હિરજીભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૭૫૧/૨૦૨૧**

શાહપુર : જીગ્નેશભાઇ દિલીપભાઇ શાહ (ઉ.વ.૩૫)(રહે.નવઘરીની પોળ, ચુનારાનો ખાંચો, શાહપુર ચકલા, શાહપુર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૪/૨૧ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે છતના લોખંડના કડામા દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.પરમાર ચલાવે છે.

મેઘાણીનગર : કોમલબેન ડો/ઓ રાજેશભાઈ પટણી (ઉ.વ.૧૬)(રહે.શાંતિસાગરના છાપરા, છેલ્લા બસ સ્ટેન્ડ પાસે, મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૪/૨૦૨૧ ના કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે એસીડ પી લેતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૫/૦૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.ઢોડીયા ચલાવે છે.

રામોલ : ઉમંગભાઇ નારાણભાઇ પંચાલ (ઉ.વ.૨૪)(રહે. ઉમીયાનગર સોસાયટી, તક્ષશીલા સ્કુલની પાછળ, વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૪/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મનુભાઇ વિરાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી